**<u>પડધરી મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,</u>**

**<u>મુ. પડધરી. જી.રાજકોટ</u>**

**ફો.કેસ નં. ૩૯૩/૨૦૨૬**

**આંક–**

**ફરીયાદી** **શ્રી સરકાર**

**પડધરી પોલીસ સ્ટેશન પાર્ટ–એ**

**ગુન્હા રજી. નં.–૧૧૨૧૩૦૪૨૨૬૦૦૮૬/૨૦૨૬**

**વિરૂદ્ધ**

**આરોપી** **૧– હર્ષીલ નિલેશભાઈ શાહ,**

રહે. વર્ધમાન નગર સોસાયટી, શ્રી રામ હોસ્પિટલ સામે, તા.ગોંડલ, જી.રાજકોટ.

**૨– અશ્વિનભાઈ હસમુખભાઈ દવે,**

રહે.કોઠારીયા રોડ, રણુજા મંદિરની સામે, નંદનવન હાઈટ્સ–ઈ–૮૦૧, રાજકોટ.

**૩– અજયભાઈ નારણભાઈ વાઢેર,**

રહે. હાલ ૧૦૨–એમીનન્ટ એપાર્ટમેન્ટ ૧ અજન્તા પાર્ક, સાધુવાસવાણી રોડ, રાજકોટ, મુળ રહે. બાદલપરા, તા.વેરાવળ, જી.ગીરસોમનાથ.

**૪– પરેશભાઈ હસમુખભાઈ બુદ્ધદેવ,**

રહે. વૈશાલીનગર, શેરી નં.૨, “પરમ" તા.જી.રાજકોટ.

**૫– વિવેકભાઈ વિઠ્ઠલભાઈ ભાલીયા,**

મહેશ્વરી સોસાયટી, શેરી નં.૨, મોરબી રોડ, સેટેલાઈટ ચોક, રાજકોટ, મુળ ગામ ગોવાણા, તા.હારીજ, જી.પાટણ.

**૬– કેતનભાઈ અરવિંદભાઈ આડેસરા,**

રહે. સોનીબજાર વિસ્તાર, કુલીયા હનુમાન મંદીર, રૈયા નાકા ટાવર રોડ, ભીમ દોશીની શેરી, "યમુના કુંજ", રાજકોટ.

-----------------------------------

| | | |
|---|---|---|
| **ગુન્હાની કલમો** | **:-** | **બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૭(૫), ૩૧૮(૪), ૩૩૬(૨), ૩૩૮, ૩૪૦(૨), ૩૪૨(૧), ૬૧(૨), ૫૪ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ-૬૬(ડી) મુજબ.** |

-----------------------------------

## // કમીટલ હુકમ //

**(૧)** સદર કામે પોલીસે, ફરિયાદીની ફરિયાદ લઈ ગુન્હો દાખલ કરી, તે અન્વયે આ ગુન્હાની પુરતી અને સંપૂર્ણ તપાસનાં અંતે આ કામનાં આરોપીઓની સામે બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૭(૫), ૩૧૮(૪), ૩૩૬(૨), ૩૩૮, ૩૪૦(૨), ૩૪૨(૧), ૬૧(૨), ૫૪ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટની કલમ-૬૬(ડી) મુજબનાં સજાને પાત્ર ગુન્હા સબબ, આ અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલું છે.

**(૨)** આરોપીઓને પોલીસ તપાસનાં કાગળોની નકલો મળ્યાની ખાત્રી કરી, આરોપીઓનું નિવેદન લેવામાં આવેલ છે. જેમાં તેઓએ પોતાની સામેનાં સદર કેસનાં બચાવમાં સ્વખર્ચે વકીલ રોકવા માંગતા હોવાનું જણાવેલ છે.

**(૩)** આરોપીઓ સામેનો આક્ષેપિત ગુન્હો ધ્યાને લેતાં, તે પૈકીનાં મુખ્ય ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાનો અધિકાર માત્ર નામદાર સેશન્સ અદાલતને જ છે. જે હકીકત ધ્યાને લેતાં આરોપીઓ સામેનો સદર કેસ નામદાર સેશન્સ અદાલતમાં કમીટ થવા પાત્ર બનતો હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

**(૧)** આરોપીઓ સામેનો સદર કેસ બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૨ મુજબ નામદાર સેશન્સ અદાલત, રાજકોટનાઓને કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓને સદર કેસની આગામી મુદત તારીખ–૨૨/૦૬/૨૦૨૬ ના રોજ ૧૦–૪૫ કલાકે નામદાર સેશન્સ કોર્ટ, રાજકોટમાં હાજર રહેવાની સમજ કરેલ છે.

(૩) આ કેસનાં તમામ અસલ કાગળો વિગતવાર ફાઈલમાં નિયમ મુજબ તૈયાર કરી તે સાથેનાં તમામ મુદ્દામાલ સહિત નામદાર સેશન્સ અદાલત, રાજકોટનાઓને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કેસ કમીટ કર્યા અંગેની જાણ રાજકોટનાં મુખ્ય જીલ્લા સરકારી વકિલશ્રીને કરવી.

હુકમ તારીખ–૦૮મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૬/૨૦૨૬
પડધરી

(કુ.શ્રદ્ધા એન. ફાળકી)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
પડધરી, જી.રાજકોટ,
UID GJ–1579